ગાંધીનગર સમાચાર

**મેયર કાર્યાલય બહાર છુટા હાથની મારામારી**

# પ્રવિણ પટેલે પાટલી બદલતા મનપામાં ભાજપની સત્તા

## મેયર પદે પ્રવિણ પટેલ, ડેપ્યુટી મેયર તરીકે જીગા બાપુ : મનપામાં ભાજપનો ભગવો લહેરાયો પણ કાર્યકર્તાઓમાં કચવાટ ઉભો થયો : મનપાની કચેરીમાં ગાળાગાળી-મારામારીના દૃશ્યો : ધાંધલ-ધમાલ વચ્ચે ચૂંટણી યોજાઈ





(તસવીર : કશ્યપ નિમાવત)

## પ્રવિણ પટેલે પક્ષ અને મતદારો સાથે ગદ્દારી કરી છે : શૈલેન્દ્રસિંહ બિહોલા

ગાંધીનગર, તા. ૬

પ્રવિણ પટેલે સત્તા લાલસુ બની પક્ષની સાથે



(તસવીર : કશ્યપ નિમાવત)

ગદ્દારી કરી છે અને જનતાનો દ્રોહ કર્યો છે તે માફીને પાત્ર નથી. જનતા જ જવાબ આપશે અમે કાનૂની લડાઈમાં તેને પરાસ્ત કરીશુ.

ઉપરોક્ત શબ્દો કોંગ્રેસના શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ સામાન્ય સભા પુરી થયા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં ઉચ્ચાર્યા હતા.

તેમણે કહ્યુ હતુ કે પ્રવિણ પટેલ એ સત્તાલાલસુ માણસ છે. તેણે પક્ષની સાથે ગદ્દારી કરી અને જનાદેશનો અનાદર કર્યો છે. અમે આ મુદ્દે પક્ષાંતર ધારાની કલમો અંતર્ગત કાનૂની કાર્યવાહી આરંભીશુ.

તેમણે જણાવ્યું હુતં કે આજે સવાર સુધી તેઓ અમારી સાથે હતા અને સત્તા તેમજ પ્રલોભનો આપી ભાજપે તેમને ભાજપમાં જવા મજબુર કર્યા છે, ભાજપની સત્તા લાલસા પણ આમાં છતી થઈ ગઈ છે.

ગાંધીનગર શહેરની જનતા ભણેલી છે અને તે બધુ જ જાણે છે. તેમણે વધુ કંઈ પણ કહેવાનો ઈન્કાર કર્યો હતો. જો કે સાથીએ કરેલા દગાનો ગમ તેમના ચહેરા પર વ્યક્ત થતો હતો.

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મ્યુનિ. કમિશનર શ્રી ડી.એન. મોદીના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં કોંગ્રેસના પ્રવિણ પટેલના પક્ષાંતરને પગલે ભાજપે સત્તાના સૂત્રો સંભાળ્યા છે.

આજે પ્રથમ બોર્ડ બેઠકનો પ્રારંભ જ તોફાની થયો હતો. કોંગ્રેસની સાથે પ્રવિણ પટેલે છેડો ફાડ્યાની વાત મનપાની કચેરી સુધી પહોંચતાં જ સભ્યો અને કાર્યકરો વિફરી બેઠા હતા. સભાખંડમાં ભાજપના સભ્યો પ્રવિણ પટેલ સાથે પ્રવેશ્યા ત્યારે જ કોંગ્રેસ અને ભાજપા વચ્ચે મારામારીના દૃશ્યો સર્જાયા હતા.

ભાજપના નાઝાભાઈ ધાંધર, મનુભાઈ પટેલ, નીતિન પટેલ, કાર્તિક પટેલ અને દેવેન્દ્રસિંહ ચાવડા, પ્રવિણ પટેલને કોર્ડન કરી સભાગૃહમાં લઈ ગયા હતા એ દરમ્યાન કોંગ્રેસવાળાઓએ પ્રવિણનો ટપલીદાવ પણ કર્યો હતો.

કોંગ્રેસના સભ્યો પણ આક્રમણના મૂડમાં ગૃહમાં પ્રવેશ્યા હતા અને બધાએ જ લગભગ અશોભનીય કહી શકાય તેવા શબ્દપ્રયોગો સાથે પ્રવિણ પટેલ પર હૂમલો કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ પોલીસની દરમ્યાનગીરીને કારણે તે થઈ શક્યુ ન હતુ.

બરાબર ૧૧ વાગે કમિશનરશ્રી મોદી સભાગૃહમાં પ્રવેશ્યા હતા અને ધાંધલ ધમાલના દૃશ્યો વચ્ચે તેમણે ચૂંટણી માટેના ઉમેદવારીપત્રો રજુ કરવાની ઘોષણા કરી હતી.

બીજી તરફ કોંગ્રેસ પક્ષે ગૃહમાંથી પોલીસને દૂર કરવાની માંગ કરી હતી એટલુ જ નહિ પરંતુ હો હા કરી ધાંધલના દૃશ્યો સર્જ્યા હતા.

કમિશનરશ્રીએ ગૃહની પરિસ્થિતિ પર કાબુ મેળવી સભ્યોને તેમનું સ્થાન લેવા જણાવ્યુ હતુ તેમજ ભાજપ-કોંગ્રેસના સભ્યો વચ્ચે દિવાલ બની ઉભેલા પોલીસ કર્મચારીઓને નીચે બેસી સહયોગ આપવા જણાવ્યુ હતુ.

આ દરમ્યાન ઉમેદવારી પત્રો બન્ને પક્ષ તરફથી રજુ થયા બાદ તેમણે ચકાસણીની પ્રક્રિયા પણ સંપન્ન કરી અને સભ્યોને શાંત રહેવા અપીલ કરી સહયોગ આપવા જણાવ્યું હતું.

ઉમેદવારીપત્ર રજુ કરવાના અને ચકાસણીની પ્રક્રિયા દરમ્યાન કોંગીના શ્રી હસમુખ મકવાણા, શ્રી ચીમન વિંઝુડા, શ્રી જયરાજસિંહ વાઘેલા, શ્રીમતિ મીનાબા વાઘેલા, શ્રીમતિ રમીલાબા વાઘેલા, શ્રીમતી લલિતાબેન ઠાકોર, શ્રીમતિ હિરલ જોશી, શ્રી જીતુ રાયકા, શ્રી અંકિત બારોટ સૌ પ્રવિણ પટેલ સામે

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસ આક્રમક મોડ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

આજે ગાંધીનગર મહાનગર પાલિકાની નવરચિત બોડીની પ્રથમ બેઠકમાં કોંગ્રેસ પક્ષે કમિશનરશ્રી પર પણ આક્ષેપો કરવામાં પાછુ વળી જોયુ ન હતુ. તેમણે કમિશનર પર ભાજપના એજન્ટ હોવાનો આક્ષેપ પણ કર્યો હતો.

સભાગૃહમાં જે રીતે પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો તેને લઈ ગુસ્સે ભરાયેલા કોંગ્રેસના સભ્યોએ ભાજપને પણ આડે હાથ લીધુ

● અનુસંધાન પાન-૭ પર

## સ્થાયી સમિતિના ચેરમેનપદે મનુભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિના ચેરમેન પદે સહકારી અગ્રણી અને પક્ષના પૂર્વનેતા શ્રી મનુભાઈ પટેલ ચૂંટાઈ આવ્યા હતા.

સામાન્ય સભા બાદ તુરત જ મળેલ સ્થાયી સમિતિની પ્રથમ સભામાં શ્રી મનુભાઈ પટેલને વિજયી બનેલા જાહેર કરવામાં આવ્યા હતા.

સ્થાયી સમિતિમાં ભાજપે મનુભા પટેલ, નાઝાભાઈ ધાંધલ, નીતિન પટેલ, ધીરૂભાઈ ડોડિયા, જયદેવ પરમાર, કાર્તિક પટેલ, નરેશભાઈ પરમાર, પાર્વતીબેન પરમાર, પ્રવિણાબેન વોરા, પ્રવિણાબેન દરજી, નીલાબેન શુક્લ અને હર્ષબા ધાંધલની દરખાસ્ત સામાન્ય સભામાં રજુ કરી હતી તેનો બહુમતિથી સ્વિકાર થયો હતો.

## ડેપ્યુટી મેયર માટે મેયરે મતદાન કર્યું જ નહિ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે ડેપ્યુટી મેયરની ચૂંટણીમાં મેયર પદે ચૂંટાયેલા શ્રી પ્રવિણ પટેલ મતદાનથી અળગા રહ્યા હતા.

ડેપ્યુટી મેયરની ચૂંટણીમાં તેઓએ અધ્યાશી અધિકારીની ફરજ બજાવી હતી. જોકે મતદાન મતગણતરી વખતે તેઓ અળગા રહેતાં રાજકીય વર્તુળોમાં આ મુદ્દો ચર્ચાસ્પદ બન્યો છે.

ડેપ્યુટી મેયરની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર શ્રી દેવેન્દ્રસિંહ ચાવડાની તરફેણમાં ૧૬ મત પડ્યા હતા જ્યારે કોંગીના શ્રી જીતુ રાયકાની તરફેણમાં ૧૫ મત પડ્યા હતા. શ્રી દેવેન્દ્રસિંહ ચાવડાને વિજયી જાહેર કરાયા હતા.

## મેયર કાર્યાલય બહાર છુટા હાથની મારામારી

### કોંગ્રેસ પક્ષ સાથે છેડો ફાડીને ભાજપમાં જોડાઈ ગયેલા પ્રવિણ પટેલ પર કોંગી કોર્પોરેટરોએ આક્રોશ ઠાલવ્યો




(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૬

મહાનગરપાલિકાનું પરિણામ આવ્યા બાદ બંને પક્ષો વચ્ચે ટાઈ પડતા કોઈ કોર્પોરેટર ફુટીને પક્ષ પલ્ટો કરી ન નાંખે તેનું ખાસ ધ્યાન બંને પક્ષો તરફથી રાખવામાં આવ્યું હતું તે માટે રાજ્ય બહાર પ્રવાસે પણ તમામ કોર્પોરેટર્સ ચાલ્યા ગયા હતા. જો કે છેલ્લી ઘડીએ કોંગ્રેસમાંથી પ્રવિણ પટેલ ભાજપમાં જોડાઈ જતા કોંગી કોર્પોરેટર્સ રોષે ભરાયા હતા અને બહુમાળી ભવનમાં ચોથે માળે જ્યાં સામાન્ય સભા હતી તેની બહાર મેયર કાર્યાલયના પ્રવેશ દ્વાર પાસે જ પ્રવિણ પટેલને રોકીને બેફામ

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપની જુથબંધીથી કોંગ્રેસમાં ગયેલ પ્રવીણ પટેલને ત્યાં પણ જુથબંધી જ નડી

### કોંગ્રેસ પક્ષે મને ચૂંટણીમાં હરાવવાના પ્રયાસો કર્યા જ હતા પરંતુ વિજયી થયો; મેં એ વખતે ભાજપ જૂથબંધીને લઈ છોડ્યુ હતુ આજે કોંગ્રેસના નિર્ણય લેવાના અભિગમ અને જૂથબંધીને લઈ છોડી દીધી છે : પ્રવિણ પટેલ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગર પાલિકામાં મેયરપદના જંગ માટે ભારતીય જનતા પક્ષે પૂર્વ અગ્રણી પ્રવિણ પટેલની ઘરવાપસી મેયરપદની ભેટ આપી કરાવી શક્તિ પરીક્ષણમાં પક્ષની પ્રવિણ્યતા પુરવાર કરી છે.

આજે મહાનગરપાલિકાની પ્રથમ બોર્ડ બેઠક મળે તેના એક કલાક પૂર્વે જ પ્રવિણ પટેલે ભાજપના નેતાઓ સાથે મેયરપદને લઈ વાટાઘાટોને અંતિમરૂપ આપી કોંગ્રેસ સાથે છેડો ફાડ્યો હતો.

કોંગ્રેસ પક્ષ છોડી ભાજપમાં જોડાયેલા પ્રવિણ પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે એ વેળાએ અર્થાત્ ૨૦૧૦-૧૧માં ભાજપની જૂથબંધીથી નારાજ થઈ તેમને કરાયેલા અન્યાય સામે લડવા કોંગ્રેસમાં જોડાવાની વાત મેં સ્વીકારી હતી. આજે કોંગ્રેસની જૂથબંધીથી નારાજ થઈ મેં છેડો ફાડ્યો છે.



પ્રવિણ પટેલે એમ પણ જણાવ્યુ હતુ કે જરૂર પડ્યે પુનઃ જનતા સમક્ષ જઈ હું વિજયી બની પાછો આવીશ જ એવો મને વિશ્વાસ છે.

પ્રવિણ પટેલે કોંગ્રેસ પર એવો પણ આરોપ મુક્યો છે કે મેં ટિકિટ માગી ન હતી પરંતુ મને લડવાની ફરજ પડાઈ હતી. ચૂંટણીપ્રક્રિયા દરમ્યાન મને પરાજય મળે તે માટે ઘણા બધા કોંગીજનોએ પ્રયાસ કર્યો

● અનુસંધાન પાન-૭ પર

**ધી ગાંધીનગર નાગરીક કો.ઓ. બેન્ક લિ.**
પ્લોટ નં. ૩૯૧, ઘ-૪II, સેક્ટર-૧૬, ગાંધીનગર

**અભિનંદન**



**પ્રવિણકુમાર ડી. પટેલ**
મેયર



**મનુભાઈ બી. પટેલ**
સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં કોર્પોરેટર તરીકે પ્રસંશનિય સફળતા હાંસલ કર્યા બાદ આપશ્રી પ્રવિણકુમાર ડી. પટેલ મેયર પદે આરૂઢ થયેલ છો તથા આપશ્રી મનુભાઈ બી. પટેલ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન પદે આરૂઢ થયેલ છો.

આપ બંને મહાનુભાવો પ્રજાની લાગણીઓ સાથે અત્યંત જવાબદાર ભરેલ પદ ઉપર પ્રસ્થાપિત થયેલ છો તે બદલ બેન્ક બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા કર્મચારી પરિવાર આપને હૃદયપૂર્વક અભિનંદન પાઠવે છે. તથા સાથે સાથે ગાંધીનગરના વિકાસની પણ અપેક્ષા રાખે છે તે માટે આપને સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થતો રહે તેવી આશા સહ... ફરીને આપને અભિનંદન પાઠવીએ છીએ.

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા સ્ટાફ પરિવાર**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) ગાંધીનગર સંચાલિત,
**'ક્રિએટીવ ઝોન'**
આયોજીત

**'મહિલા કૌશલ્ય વિકાસ તાલીમ શિબિર'**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત 'ક્રિએટીવ ઝોન' દ્વારા ગાંધીનગર શહેરની બહેનો માટે વિવિધ કલા-કૌશલ્ય વિકસાવી આર્થિક ઉપાર્જન કરી સ્વ-નિર્ભર બને તેવી વિવિધ પ્રવૃત્તિઓની તાલીમ શિબિરનું તા. ૧૫/૫/૨૦૧૬થી ૨/૬/૨૦૧૬ સુધી આયોજન કરે છે. (વહેલા તે પહેલાનાં ધોરણે)

**પ્રવૃત્તિઓ**

(૧) વેસ્ટમાંથી બેસ્ટ
(૨) અવનવા ભરતગૂંથણ (ટાંકાઓ)
(૩) મોતીકામ (બંગડી, પીન..)
(૪) ગાગર પેઈન્ટીંગ/ગ્લાસ પેઈન્ટીંગ
(૫) કેશગુંફણ
(૬) વિવિધ પ્રકારના બર્ડ ડે કાર્ડ, ગીફ્ટ બેગ બનાવવા
(૭) અંકોડી વર્ક
(૮) પંચવર્ક
(૯) જરદોશી વર્ક
(૧૦) વિવિધ પર્સ

: સમય : બપોરે ૧ થી ૪

તાલીમ શિબિરની કુલ ફી રૂ. ૧૦૦/-

સ્થળ : ક્રિએટીવ ઝોન, કડી કેમ્પસ, સેક્ટર-૨૩, ગાંધીનગર
સંપર્ક : ૯૯૨૫૬ ૪૫૦૪૮, ૯૭૨૫૫ ૨૦૦૧૦

**આયુર્વેદિક દવાઓ**

Himalaya ZANDU VASU પતંજલિ Baidyanath Dabur SANDU Charak NAGARJUNA BAN

**આયુર્વેદિક નિદાન કેમ્પ**
દર શનિવારે સાંજે ૫ થી ૮



MM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple,
Cheap Type Shopping Center, Sector-6/D,
Gandhinagar. Ph. : 079 - 23241415

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com